કરોડો રૂપિયા ખર્ચીને એક વર્ષ પહેલા જ બનાવવામાં આવી હતી

# તાપી-કરજણ લિંક યોજનાની પાઇપ તૂટી



**ઉમરપાડાના** ખેડૂતોનાં ખેતરોમાં પાણી ભરાયાં

સુરતઃ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના બિલવણ ગામે તાપી-કરજણ લિંક યોજનાની પાઇપલાઇન તૂટી ગઈ છે. ગતરોજ બનેલી આ ઘટનાને કારણે ખેડૂતોના ખેતરોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું. આનાથી ખેતીના કામકાજ પર અસર પડી છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ પાઇપલાઇન માત્ર એક જ વર્ષમાં તૂટી પડતાં તેની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે. સ્થાનિક લોકો કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની પણ વાત કરી રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ તંત્ર દ્વારા તાપી-કરજણ લિંક યોજનામાં પાણીનો પ્રવાહ બંધ કરી દેવાયો હતો. તૂટેલી પાઇપલાઇનનું સમારકામ તરત જ શરૂ કરવામાં આવ્યું છે. ખેડૂતો માંગ કરી રહ્યા છે કે આ ઘટનાની યોગ્ય તપાસ થાય. જવાબદારી નક્કી કરવામાં આવે અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે પગલાં લેવાય.

### સળગતા સવાલો

- » પાઇપલાઇનમાં ભંગાણ પડવાનું ચોક્કસ કારણ શું છે?
- » કેટલા ખેડૂતોનાં કેટલા એકર ખેતરોમાં પાણી ભરાયું છે?
- » કેટલા પાકને નુકસાન થયું છે અને નુકસાનનો અંદાજ કેટલો છે?
- » પાઇપલાઇનનું દબાણ, જોડાણો અને બાંધકામની ગુણવત્તાની તપાસ થઈ છે?
- » પાણીનો નિકાલ અને સમારકામ ક્યારે પૂર્ણ થશે?
- » અસરગ્રસ્ત ખેડૂતોને વળતર આપવા માટે સર્વે હાથ ધરાશે?




# કુદસડની સુદામાનગરીમાં પ્લોટ વેચાણ મામલે બે સામે ફરિયાદ

**દસ્તાવેજો** કર્યા છતાં પ્લોટધારકોનાં નામ 7/12માં ન ચઢાવ્યાનો આક્ષેપ

**વાતચીત** કરવા ગયેલા ફરિયાદીને ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી

કીમઃ ઓલપાડના કુદસડ ગામે આવેલી 'સુદામા નગરી' પ્લોટિંગ યોજનામાં 119 પ્લોટના વેચાણ અને જમીનના રેકર્ડમાં નામ નોંધાવવાના મામલે વિવાદ સામે આવ્યો છે. આ અંગે પ્રતિક્ષા લેન્ડ કોર્પોરેશનના બે ભાગીદાર સામે કીમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

કીમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ પ્રતિક્ષા લેન્ડ કોર્પોરેશનના ભાગીદારો મોહમ્મદ ફૈઝલ અબ્દુલ ગફાર કાપડિયા અને મુકેશભાઈ મોહનભાઈ સાવલિયાએ કુદસડ ગામના સરવે નં.127ની બિનખેતીની જમીન પર 'સુદામા નગરી' નામે પ્લોટિંગ યોજના બનાવી હતી. આ યોજનામાં ફરિયાદી વિજયભાઈ જીણાભાઈ ઘોડાદરા સહિત તેમના મિત્રો અને અન્ય પ્લોટધારકોને અલગ-અલગ 119 પ્લોટ વેચાણ કરી દસ્તાવેજો કરી આપવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

જોકે, વેચાણના દસ્તાવેજ હોવા છતાં આજદિન સુધી પ્લોટધારકોનાં નામ 7/12ના ઉતારામાં નોંધવામાં આવ્યાં ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ફરિયાદી તથા અન્ય પ્લોટધારકો ફૈઝલ કાપડિયા પાસે ખુલાસો માંગવા અને વાતચીત કરવા ગયા હતા. તે સમયે ફૈઝલ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી મારવા દોડ્યા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આ મામલે ફરિયાદી વિજયભાઈ ઘોડાદરાની ફરિયાદના આધારે કીમ પોલીસે બંને ભાગીદારો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. કીમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર કે.એ.જાડેજા વધુ તપાસ હાથ ધરી રહ્યા છે.

# તાતીથૈયામાં દશેરા પર્વે ૧ હજાર ક્ષત્રિયોની હાજરીમાં તલવારબાજી

**શ્રી રાજપૂત** યુવા મંડળ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી વિજયાદશમીએ શસ્ત્ર પૂજન કરાયું



દિપકસિંહ મહીડા



અંત્રોલીઃ શ્રી રાજપૂત યુવા મંડળ પલસાણા વિભાગ દ્વારા સંગઠનની ભાવના વધે તથા રાજપૂત સમાજ માટે શૌર્યના પ્રતીકસમાન અને આદીકાળથી ચાલી આવતી પરંપરાને જીવંત રાખવાના હેતુથી સામૂહિક રીતે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વૈદિક વિધિ અનુસાર દશેરા શસ્ત્ર પૂજનનું આયોજન આ વર્ષે તાતીથૈયા ગામ મુકામે કરાયું હતું, જેમાં ૧૪૨ બાળકો, યુવાનો અને દીકરીઓ આ શસ્ત્ર પૂજનમા જોડાઈ હતી અને ત્યાર બાદ મહેમાન કાર્યક્રમ દરમિયાન મુખ્ય મહેમાન તરીકે કામરેજ પલસાણા તાલુકાના પ્રાંત અધિકારી યોગરાજસિંહજી જાડેજા, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહજી પરમાર, પલસાણા તાલુકાનાં વિવિધ ગામોના રાજપૂત સમાજના સામાજિક તથા રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે સુમુલ ડેરી સુરતના નવા ઉપપ્રમુખ ભરતસિંહ સોલંકી અને પલસાણા તાલુકાના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલાં અશ્વિનીબેન નિકુંજસિંહ વાંસીયા સાથે અન્ય નિયુક્ત થયેલા પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ૧૦૦૦થી વધુ પલસાણા તાલુકાના ક્ષત્રિય સમાજના લોકો હાજર હતા. કાર્યક્રમના અંતમાં ૭૦થી વધુ યુવાનો, બાળકો અને દીકરીઓ થઈ શોર્યરૂપ તલવારબાજીનાં કરતબો બતાવી અદભૂત વાતાવરણ ઊભું કરાયું હતું.

# મુંજલાવ ગામે તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકાના મુંજલાવ ગામના તળાવમાં પાણીમાં ડૂબી જવાથી સુરતના વરાછાના એક યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. લાંબા સમયની ભારે શોધખોળ બાદ તળાવમાંથી યુવકનો શબ મળી આવતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મંગળવારે અરેઠના મુંજલાવ ગામે આવેલા તળાવમાં વરાછાના રહેવાસી નરેન્દ્ર હર્ષદ તાચક ડૂબી ગયા હોવાની માહિતી મળતાં સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તળાવના પાણીમાં કલાકો સુધી ચાલેલી જહેમત બાદ યુવકની લાશ મળી આવી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને પીએમ અર્થે મોકલી આપ્યો છે. હાલ પોલીસે આ અંગેની નોંધ કરી આગળની પ્રક્રિયા હાથ ધરી છે.

# મહુવાના ડુંગરીમાં રૂ.1.64 લાખનો દારૂ ઝડપાયો

અનાવલઃ મહુવાના ડુંગરી ગામના ઝાબ ફળિયા ખાતે રહેતા અક્ષયભાઈ અમીતભાઈ ચૌધરીના ઘરની પાછળ આવેલી ખુલ્લી પજારીમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસને જોતાં જ આરોપી અક્ષય ચૌધરી અંધારાનો લાભ લઈ નજીકના ખેતરાડી વિસ્તારમાં નાસી છૂટ્યો હતો. ઘટના સ્થળે પોલીસે તપાસ કરતાં અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૧,૬૪,૩૭૫ની કુલ કિંમતનો ૯૪૨ નંગ દારૂ-બિયરનો જથ્થો જપ્ત કર્યો છે. આ મામલે મહુવા પોલીસ સ્ટેશનના અનાર્મ હેડ કોન્સ્ટેબલ સુનીલભાઈ રમેશભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વોન્ટેડ આરોપી અક્ષય ચૌધરીને પકડવા માટે વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ સુનીલભાઈ સુપડિયાભાઈ વસાવાને સોંપી છે.

# ઉકાઈમાં કારમાંથી 1 લાખની ચોરીનો ગુનો ઉકેલાયો

**તાપી** LCBએ બે આરોપીઓને પકડ્યા

સોનગઢઃ ઉકાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેન્કની સામે કારમાંથી રૂ.૧,૦૦,૦૦૦ની રોકડ રકમની ચોરીનો વણઉકેલાયેલો ગુનો ઉકેલી કાઢવામાં તાપી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડને સફળતા મળી છે.

ઘટનાની વિગત મુજબ ગત ૧૫ ઓક્ટોબરના રોજ ફરિયાદી બેંક ઓફ બરોડામાંથી એક લાખ રૂપિયા ઉપાડી, કારની અંદર કાળા રંગની બેગમાં મૂકી ઝેરોક્ષ કરાવવા ગયા હતા. દરમિયાન તકનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરો કારનો દરવાજો ખોલી રોકડ ભરેલી બેગ ચોરીને ભાગી છૂટ્યા હતા. આ અંગે સોનગઢ ઉકાઈ પંથકમાં ભારે ચર્ચા જોર પકડ્યું હતું. પરંતુ

ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી LCB અને સ્ક્વોડના કર્મચારીઓએ સીસીટીવી ફૂટેજ અને ખાનગી બાતમીદારો આધારે તપાસ હાથ ધરી હતી. આ બાતમીના આધારે સોનગઢ-નવાપુર હાઈવે પર આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસેથી બાઈક પર જતાં વિજ્ઞેશ વેલુ નાઈડુ (ઉં.વ.૨૪) અને જીવા કરપૈયા નાયડુ (ઉં.વ.૩૯)ને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના અન્ય બે મિત્રો વિક્રમ નાયડુ અને વેન્કટેશ નાયડુ સાથે મળીને કારની રેકી કરી આ ચોરી આચરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ચોરીના રોકડા રૂ.૪૦,૩૦૦, ૨ મોબાઈલ અને બાઈક મળી કુલ રૂ.૭૬,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે અન્ય બેને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી અર્થે આરોપીઓને સોનગઢ પોલીસ સ્ટેશને સોંપવામાં આવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માસમા ગામે તબેલામાંથી ૬ બકરી ચોરનારા બે ઝડપાયા



જયેશ પટેલ

સાયણઃ ઓલપાડના માસમા ગામે કિરીટભાઈ આહિરના તબેલામાંથી ગત તા.૧૬ ઓક્ટોબરે રાત્રે ૬૦ હજારની કિંમતની ૬ બકરીની ચોરી થઈ હતી. ઓલપાડ પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે વોચ ગોઠવી રાજનગર-ભટગામ રોડ પરથી ફોરવ્હીલર ગાડી સાથે નડિયાદના રાહુલ હરીશ પરમાર અને કિરીટ જયંતી તળપદાને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ચોરીની કબૂલાત કરી હતી અને બકરીઓ રૂ.૫૦,૦૦૦માં વેચી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૪૫,૦૦૦ અને રૂ.૨ લાખની ફોરવ્હીલર મળી કુલ રૂ.૨.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં બહાર આવ્યું હતું કે, બંને આરોપી સામે અગાઉ પણ ચોરીના ગુના નોંધાયેલા છે. પોલીસે બંને સામે કાર્યવાહી કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### માંડવી પોલીસ સ્ટેશન ખાતે વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર પૂજન



હિતેશ પટેલ

માંડવીઃ વિજયાદશમી પર્વે માંડવી પોલીસ સ્ટેશન ખાતે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એ.એસ.પી. અક્ષેશ એન્જિનિયર તથા માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એસ.વળવીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિઅનુસાર પૂજા અર્ચના કર્યા બાદ વિધિવત રીતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.

### દશેરા મેળામાં અંત્રોલીના આદિવાસી યુવાનોની પ્રેરણાદાયી પહેલ



હિતેશ પટેલ

માંડવી : દશેરાના પાવન પર્વ નિમિત્તે આંબલીયા ડુંગર મઘરકોઈ ખાતે ભરાતા પરંપરાગત મેળામાં અંત્રોલી ગામના સમસ્ત આદિવાસી યુવા મિત્રો તથા પારસી ફળિયાના યુવાનો દ્વારા ઉત્તમ સેવાકીય ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. મેળામાં પધારેલા હજારો શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ માટે યુવાનો દ્વારા ઠંડા પીવાના પાણીની વિશાળ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી લોકોને ગરમીમાં મોટી રાહત મળી હતી. યુવાનો દ્વારા ભવ્ય રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેણે મેળામાં આવેલા નાગરિકોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

### માંગરોળના ઐતિહાસિક બણભા ડુંગરે દશેરા પર્વે માનવ મહેરામણ ઊમટ્યો

વાંકલઃ માંગરોળ તાલુકાના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ એવા બણભા ડુંગરે વિજયાદશમી (દશેરા) પર્વ નિમિત્તે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. માંગરોળ તાલુકાના ઓગણીસા અને રતોટી વચ્ચે આવેલ આ પવિત્ર સ્થળે દશેરાના દિવસે હજારોની મેદની ઊમટી પડી હતી, જ્યાં શ્રદ્ધાળુઓએ દેવ દર્શનનો લાભ લેવાની સાથે મેળાની ભરપૂર મજા માણી હતી.

# મહુવામાં 3 લાખની લેતીદેતીમાં ટ્રક બળજબરીથી પડાવી લીધી

**સંદીપ** ઓડ અને ધ્રુવ પટેલ વચ્ચે ટ્રકની ભાગીદારીના રૂપિયા બાબતે વિવાદ થયો હતો

**સંદીપે** ગાળો અને હત્યાની ધમકી આપતાં એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

અનાવલઃ મહુવામાં ટ્રકની ભાગીદારીના 3 લાખ રૂપિયાની આપ-લે બાબતે યુવકને જ્ઞાતિપ્રત્યે અપમાનિત કરી, ગાળો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી ટ્રક બળજબરીપૂર્વક પડાવી લેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે મહુવા પોલીસે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મહુવા પંથકમાં આવેલા હટવાડા ફળિયામાં રહેતા સંદીપભાઈ મહેશભાઈ ઓડને મહુવા પંથકમાં જ રહેતા તેમના મિત્ર ધ્રુવ સંજયભાઈ ઢોડિયા પટેલ પાસે ટ્રકના ભાગીદારીના 3 લાખ રૂપિયા લેવાના નીકળતા હતા. જે પૈસા મુદ્દે અગાઉ મહુવા કુમાર છાત્રાલય પાસે જાહેર રસ્તા પર સંદીપ ઓડ અને ધ્રુવ પટેલ વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં સંદીપે ધ્રુવ પટેલને ગાળો આપી, જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો કહી ધમકી આપી હતી. બાદ તા.13/10/2026ના રોજ સંદીપે સર્વિસ રોડ પર ટ્રક નં.(GJ-26-T-6111) રોકી તેના ડ્રાઈવર કાર્તિક ચૌધરીને 'હાથ-પગ તોડી નાંખીશ' તેવી ધમકી આપી ડ્રાઈવર પાસેથી ટ્રક બળજબરીપૂર્વક કઢાવી લીધી હતી. આટલું જ નહીં ફરિયાદી ધ્રુવે ફોન કરતાં તેને પણ જાતિવાચક શબ્દો કહી 'તારાથી થાય તે કરી લેજે, ટ્રક લેવા આવશે તેને પણ મારીશ' તેવી ધમકી આપી હતી. ઘટના બાદ ધ્રુવ પટેલે સંદીપ ઓડ વિરુદ્ધ મહુવા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સુધારણા અધિનિયમ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## ભરૂચમાં દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે રાવણ દહન કાર્યક્રમ યોજાયો



ભરૂચઃ વિજયાદશમીના પવિત્ર દિવસે ભરૂચ શહેરમાં પ્રથમ વખત BNS ગ્રુપ દ્વારા રાવણ દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ, નગરપાલિકા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવા, ભાજપના આગેવાનો નિરલ પટેલ, ધર્મેશ મિસ્ત્રી તથા હેમેન્દ્ર પ્રજાપતિ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે BNS ગ્રુપના વૃષભ પટેલ સહિતના કાર્યકરોએ ભરપૂર તૈયારીઓ કરી હતી. ભરૂચમાં પહેલીવાર યોજાયેલા આ રાવણ દહન કાર્યક્રમને લઈને શહેરીજનોમાં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો.

# કડોદ-મઢી રોડ પર ખુલ્લી ગટર જોખમી બની




ચેતન ટેલર

કડોદઃ કડોદ-મઢી રોડ પર સમારકામ અધૂરું રહેતા ખુલ્લી ગટર જોખમી બની હતી. મઢી રોડની બાજુમાં આવેલા અમૂલ-સુમુલ પાર્લર પાસેની ગટર તોડી નાંખવામાં આવી હતી. જોકે, ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તોડવામાં આવેલી આ ગટરનું સમારકામ કરવાનું તંત્ર જાણે ભૂલી ગયું હોય તેમ ગટર લાંબા સમયથી ખુલ્લી પડી રહી છે. પરિણામે આ ખુલ્લી ગટર રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે છે. ખુલ્લી ગટરના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે, જેના લીધે આસપાસના વિસ્તારમાં રોગચાળો ફેલાવાની આશંકા ઊભી થઈ છે. ખાસ કરીને અમૂલ-સુમુલ પાર્લરની બાજુમાં જ ફરસાણની દુકાન આવેલી હોવાથી અહીં આવતા ગ્રાહકો તેમજ સ્થાનિક વેપારીઓના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે.

# સોનગઢના કિલ્લા પર દશેરાનો મેળો યોજાયો

**માતાજીની** માટલીઓ ચડાવી શ્રદ્ધાળુઓએ ગરબાની રમઝટ બોલાવી

સોનગઢઃ સોનગઢના ગૌરવવંતા અને ઐતિહાસિક કિલ્લા પર વર્ષોથી ચાલતી પરંપરા મુજબ આ વર્ષે પણ દશેરાનો ઐતિહાસિક મેળો અતિ ઉત્સાહ અને ભવ્યતા સાથે યોજાયો હતો. વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે યોજાયેલા આ મેળામાં સોનગઢ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા. કિલ્લાની ટેકરી પર પૌરાણિક મહાકાળી માતાનું મંદિર, અન્ય મા આશાપુરી માતાનું મંદિર તથા દરગાહ સહિત વિવિધ ધાર્મિક સ્થળો આવેલાં છે, જે આ સ્થળની ધાર્મિક અને સાંસ્કૃતિક એકતાને ઉજાગર કરે છે. દશેરાના દિવસે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ કિલ્લાના ડુંગર પર ચડીને દર્શનાર્થે પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓ દ્વારા પરંપરાગત રીતે માતાજીની માટલીઓ ચડાવવામાં આવી હતી અને પરિસરમાં ભક્તિભાવપૂર્વક ગરબા રમવામાં આવ્યા હતા. મેળામાં બાળકો માટે વિવિધ રાઈડ્સ તેમજ રમકડાં અને ખાણી-પીણીના સ્ટોલ સજાવવામાં આવ્યા હતા.

### માંગરોળ પોલીસ મથકે વિજયાદશમી પર્વે વિધિવત શસ્ત્ર પૂજા સંપન્ન

વાંકલઃ માંગરોળ તાલુકા પોલીસ મથક ખાતે વિજયાદશમી (દશેરા) પર્વે પરંપરાગત વિધિ અનુસાર પોલીસ વિભાગ દ્વારા શસ્ત્ર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. માંગરોળ પોલીસ ઇન્સ્પેક્ટર પી.એમ. દેસાઈના હસ્તે શાસ્ત્રોક્ત અને વિધિવત રીતે શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. આ ધાર્મિક તેમજ પ્રતીકાત્મક વિધિમાં માંગરોળ પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો અને અધિકારીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં અદભૂત ભૂમિકા ભજવતાં શસ્ત્રોની પૂજા કરવાની આ પરંપરા અંતર્ગત પોલીસ જવાનોએ ઉત્સાહપૂર્વક સહભાગીતા નોંધાવી હતી.


